# યુવા મતદાર મહોત્સવ–૨૦૧૭ અંગેની માર્ગદર્શક સૂચનાઓ

**આ સ્પર્ધા નીચે મુજબ બે વિભાગમાં રહેશે :**

**વિભાગ–૧**

- માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ–૯ થી ધોરણ–૧૨ના વિદ્યાર્થીઓ
- ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે, જુદી જુદી ફેકલ્ટીમાં સ્નાતકનો અભ્યાસ કરતાં, એન્જીનીયરીંગ, તબીબી, કાયદા, કૃષિ વિષયક શાખામાં અભ્યાસ કરતાં, આઈ.ટી.આઈ., ડીપ્લોમા વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.
- આ સ્પર્ધા શૈક્ષણિક સંસ્થાઓના વડા / આચાર્યની દેખરેખ નીચે યોજવાની રહેશે. **પ્રાથમિક શાળાના અને મીડલ સ્કુલના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી.**

**વિભાગ–૨**

- મતદાર યાદીમાં નોંધાયેલ કોઈપણ પુરૂષ/સ્ત્રી કે જેમની ઉંમર ૧૮ થી ૩૦ વર્ષની હોય અને તેઓ મતદાર તરીકે નોંધાયેલ હોય તેવા મતદારો.

સ્પર્ધામાં રજૂ કરવાની થતી કૃતિઓ નીચે જણાવેલ ત્રણ કેટેગરીમાં રજૂ કરવાની રહેશે. આવી કૃતિઓ ચૂંટણી પ્રક્રિયા સાથે સંબંધ ધરાવતી હોવી જોઈએ

(૧) પોસ્ટર / મેસ્કોટ ડીઝાઈન – લોકકળા આધારિત

(૨) કાર્ટૂન – ઈન્ફોગ્રાફિક્સ (ડીજીટલ)

(૩) **નાટકની સ્ક્રીપ્ટ** :– લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા તેમજ મતદાન જાગૃતિના વિષય આધારિત ગુજરાતી અથવા હિન્દી ભાષાની સ્ક્રીપ્ટ તૈયાર કરવાની રહેશે. સદર સ્ક્રીપ્ટમાં મતદાર તરીકે નોંધણી, મતદાનના દિવસે મતદાન કરવા બાબત, નૈતિક મતદાન કરવા બાબત જેવા વિષયોને સાંકળતી નાટકની સ્ક્રીપ્ટ તૈયાર કરવાની રહેશે.

આ સ્પર્ધાઓના ધારા–ધોરણો નીચે મુજબ રહેશે.

- **<u>આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અનુસરવાની કાર્યપદ્ધતિ :</u>**

  - ***વિભાગ–૧ માટે :***

    શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ કૃતિઓ સૌ પ્રથમ જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્ય અને કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ વ્યકિત, શિક્ષણવિદની બનેલી કમિટિ દ્વારા શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી, જીલ્લા કક્ષાએ પસંદગી માટે જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના તરફથી અધિકૃત કરેલ અધિકારીને શાળાના આચાર્યના પ્રમાણપત્ર સહિત મોકલી આપવાની રહેશે.

Scanned by CamScanner

**વિભાગ-૨ માટે :** આ માટે છે. આ માટે તેઓ મતદાર

- આ સ્પર્ધામાં અભ્યાસ કરતાં ન હોય તેવા ૧૮ થી ૩૦ વર્ષની વયજૂથના માટે છે. આ માટે તેઓ મતદાર તરીકે જે વિધાનસભા મતવિભાગમાં નોંધાયેલ હોય અથવા મતદાર તરીકે નોંધણી માટે ફોર્મ નં.૬ ભરેલ હોય તે મતવિભાગ, જે જીલ્લામાં સમાવિષ્ટ હોય, તે જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ હોય તેવા અધિકારી સમક્ષ તેમની કૃતિઓ રજૂ કરવાની રહેશે.
- સ્પર્ધામાં ભાગ લેતા મતદારે તેમની કૃતિ સાથે વ્યકિતગત અને/અથવા સમુહમાં હોય તેવા કિસ્સામાં તેમનો મતદાર યાદીમાં નોંધણી ક્રમાંક, મતદાર ફોટો ઓળખકાર્ડની નકલ અરજીપત્ર સાથે રજૂ કરવાની રહેશે. જે સ્પર્ધક હાલ મતદાર યાદીમાં નોધાયેલ ન હોય પરંતુ મતદાર યાદીમાં નામની નોંધણી માટે ફોર્મ નં.૬ ભરેલ હોય તે ફોર્મની પાવતી પુરાવા તરીકે અરજીપત્ર સાથે જોડવાની રહેશે.
- સ્પર્ધક મતદાર હોય, પરંતુ તેઓ દ્વારા જૂથ કૃતિ તૈયાર કરવામાં આવેલ હોય તે કિસ્સામાં જૂથમાં સમાવિષ્ટ સ્પર્ધકો પણ મતદાર હોવા જોઈએ. દરેક કૃતિ સાથે સ્પર્ધકે એવી બાંહેધરી આપવાની રહેશે કે રજૂ થયેલ કૃતિ તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તેમજ કોપી રાઈટ અને માલિકી હક્કનો ભંગ થતો નથી. આ અંગે ભવિષ્યમાં ઉભા થનાર કોઈપણ આરોપ, વિવાદ કે કાયદાકીય દાવાની પુરેપુરી જવાબદારી સ્પર્ધકની રહેશે.
- વિભાગ-૨ માં જણાવેલ કેટેગરી માટેની કૃતિઓ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં સીધેસીધી સ્વીકારવાની રહેશે.
- કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીને મળેલ કૃતિઓ પૈકી જીલ્લા કક્ષાએ ઉપર જણાવ્યા મુજબ બે વિભાગમાં (વિભાગ-૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિભાગ-૨ માં અભ્યાસ સાથે સંકળાયેલ ન હોય તેવા ૧૮ થી ૩૦ વર્ષના યુવા મતદારો) શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવાની રહેશે.
- **જીલ્લા કક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ રાજય કક્ષાએ પસંદગી સારૂ અત્રે રજૂ કરવાની રહેશે.**

❖ **સ્પર્ધક દ્વારા રજૂ કરાનાર કૃતિઓ માટેના માપદંડો :**

- પોસ્ટર / મેસ્કોટ – ૧૨"x૧૮" ના કેન્વાસ અથવા કાર્ડબોર્ડ પર રજૂ કરવાના રહેશે. (આ સિવાયની સાઈઝમાં મળેલ કૃતિઓને ધ્યાનમાં લેવામાં આવશે નહી)
- કાર્ટૂન / ઈન્ફોગ્રાફિક્સ – ડીજીટલ ફોર્મમાં સીડી ઉપર jpg /cdr ફોર્મેટ માં રજૂ કરવાની રહેશે.

❖ **સ્પર્ધા માટેની શરતો :**

(અ) સ્પર્ધકનું પ્રવેશપત્ર પર જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્યએ પ્રમાણિત કરવાનુ રહેશે તેમજ આચાર્ય પોતે મતદાર યાદીમાં નોંધાયેલ છે તેની વિગતો રજૂ કરવાની રહેશે.

(બ) સ્પર્ધક પાસેથી એકરાર નામું મેળવવાનું રહેશે, જેમાં સ્પર્ધકે પ્રવેશપત્ર સાથે પોતે, તેમના કુટુંબના સભ્યો, સોસાયટી કે ફલેટમાં રહેતા અન્ય સ્થાનિકોના નામ મતદાર યાદીમાં નોંધાય, તેમના નામમાં જો કોઈ ભૂલ રહેવા પામેલ હોય તો તેવી ભૂલોની સુધારણા માટેની જરૂરી વિધી પૂર્ણ કરવામાં તેમના વિસ્તારના બુથ લેવલ ઓફિસરને સંપૂર્ણ સહકાર આપશે, તેમજ તેમની સોસાયટી / ફલેટમાં રહેતા નાગરિકો પૈકી મતદાર તરીકેની લાયકાત ધરાવતા ૧૦૦% લોકોના નામ મતદાર યાદીમાં નોંધાય તે માટે તમામ શકય પ્રયત્નો કરશે તે મુજબનું એકરાર નામું કરવાનું રહેશે.

Scanned by CamScanner

(ડ) આ સ્પર્ધામાં તૈયાર કરવાની થતી કૃતિઓ માટે જે કોઈપણ ખર્ચ થશે, તે સ્પર્ધકે પોતે ભોગવવાનો રહેશે. આ માટે ચૂંટણી પંચ અથવા આ કચેરી તરફથી કોઈપણ ફંડ ફાળવવામાં આવશે નહી.

(ડ) જિલ્લા કે રાજય સ્તરે પસંદગી પામેલ અને પુરસ્કારને પાત્ર ઠરેલ કૃતિઓનો ઉપયોગ મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી તેમજ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા મતદાર જાગૃતિ અભિયાનમાં કરવામાં આવશે અને તેવી તમામ કૃતિઓના માલિકી હકક તથા કોપીરાઈટના અધિકાર મુખ્ય નિર્વાચન અધિકારીના રહેશે. આવી પસંદગી પામેલ કૃતિઓને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર તથા વેબસાઈટના Youth Corner પર મૂકવામાં આવશે.

આ સ્પર્ધામાં મળેલ દરેક કૃતિનું વિષય નિષ્ણાંત / તજજ્ઞ કમિટિ દ્વારા નીચે જણાવેલ ધોરણો ધ્યાને લઈ દરેક મુદ્દા માટે બે પોઈન્ટના આધારે મુલ્યાંકન કરવામાં આવશે. કુલ ૧૦ પોઈન્ટ રહેશે.

- રજૂઆત,
- મૌલિકતા,
- ચૂંટણી પ્રક્રિયા સાથેનો સંબંધ, અને
- ક્ષતિ રહિત અને અદ્યતન મતદાર યાદી માટે હાથ ધરવામાં આવેલ પ્રયત્નો
- વિષયની પસંદગી

**નાટકની સ્ક્રીપ્ટ સ્પર્ધા માટે મળેલ કૃતિઓનું નીચે જણાવેલ ધોરણોના આધારે મુલ્યાંકન કરવામાં આવશે.**

- મતદારો પર વધુ અસરકારક રીતે પ્રભાવ પાડી શકે તે મુજબનું લખાણ
- ૧૦ મિનિટની મર્યાદામાં રજૂ થનાર નાટક થકી મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં વિવિધ વિષયો જેવા કે મતદાર તરીકે નોંધણી, મતદાનના દિવસે મતદાન કરવું, નૈતિક મતદાન કરવું જેવી માહિતી અસરકારક રીતે મળે તે મુજબનું લખાણ

આ સ્પર્ધા તારીખ ***૮મી ઓગષ્ટ, ૨૦૧૭ થી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭*** સુધી અમલમાં રહેશે. સ્પર્ધા માટેના પ્રવેશપત્ર નીચેની કચેરીએથી તેમજ મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પરથી તથા વેબસાઈટમાં Youth Corner પરથી પણ મળી રહેશે.

| | |
|---|---|
| વિદ્યાર્થી માટે | તેઓ જે સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તે સંસ્થાની કચેરી . |
| ગ્રામ્ય કક્ષાએ | • પંચાયત કચેરી અથવા તલાટી<br>• ઈ–ગ્રામ કેન્દ્ર |
| તાલુકા / શહેર કક્ષાએ | • મામલતદાર કચેરી / તાલુકા વિકાસ અધિકારીની કચેરીના જનસેવા કેન્દ્ર,<br>• મહાનગરપાલિકા / નગરપાલિકાના નાગરિક સુવિધા કેન્દ્ર |
| જીલ્લા કક્ષાએ | • કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી કચેરીના મતદાર સુવિધા કેન્દ્ર,<br>• જીલ્લા પંચાયત કચેરીના જન સેવા કેન્દ્ર |

Scanned by CamScanner